ગાંધીનગર બિલ્ડર્સ એસોસિએશનના નવા વરાયેલા હોદ્દેદારો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર બિલ્ડર્સ એસોસિએશનની તાજેતરમાં વાર્ષિક સામાન્ય સભા મળી હતી. જેમાં નવા પ્રમુખ સહિત ઉપપ્રમુખ અને સેક્રેટરી તથા કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે નિલેશ આર. પટેલ, ઉપપ્રમુખ તરીકે વિનોદ એસ. પટેલ તથા સેક્રેટરી તરીકે જયંતીભાઈ સેલડિયાની આ સામાન્ય સભામાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

એસોસિએશનના કારોબારી સભ્યો તરીકે કિરણ પટેલ, ઘનશ્યામ પટેલ, નિમેષ રાવલ, સુરેશ પટેલ, જગદીશ પટેલ, દિનેશ પટેલ, એમ.ડી. પટેલ, યોગેશ પટેલ તથા ડાહ્યાભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ મહામંત્રી તરીકે ગીતાબેન પટેલની નિમણૂંક

ગાંધીનગર, તા.૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલની મંજૂરીથી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે શ્રીમતી ગીતાબેન પટેલની નિમણૂંક કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સી.જે.ચાવડાએ ગીતાબેનની નિમણૂંકની જાહેરાત કરતા જણાવ્યું હતું કે પક્ષ પ્રત્યેની નિષ્ઠા અને કાર્યક્ષમતા ધરાવતા ગીતાબેનના નેતૃત્વ હેઠળ જિલ્લામાં પક્ષનું સંગઠન વધુ મજબૂત બનશે તેવી મને આશા છે.

ગીતાબેનની નિમણૂંકને સમગ્ર જિલ્લાના કાર્યકરોએ આવકાર આપીને અભિનંદન આપ્યા છે અને તેમની કામગીરીમાં સંપૂર્ણ સહકારની ખાતરી આપી છે.

આજે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના રુદ્ર ઉપાસક સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૭મી જુલાઈ-૨૦૧૨ને શનિવારે લાયન્સ ક્લબ, રાંધેજા ખાતે સાંજે ૪ કલાકે અને વાસણીયા હનુમાનજી મંદિર ખાતે સાંજે ૬.૩૦ કલાકે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. રાંધેજા અને વાસણીયા ગામે યોજાનાર સુંદરકાંડના પાઠમાં સર્વે ભક્તજનોને ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ખાસ જણાવવામાં આવ્યું છે.

આજે કુડાસણ શ્રીનાથ હોમ્સ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૬

શ્રી રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય કથા પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે આજે તા. ૭મી જુલાઈ-૨૦૧૨ને શનિવારે રાત્રે ૯.૪૫ કલાકે એફ-૧૦૨, શ્રીનાથ હોમ્સ, સહજાનંદ સીટી સામે, સ્વાગત આવાસ પાસે કુડાસણ ખાતે યોજાશે. તથા પંચદેવ મંદિર ખાતે સાંજે ૭.૩૦ કલાકે યોજાશે. ભાવિક ભક્તોને સુંદરકાંડના પાઠનો લાભ લેવા આયોજકો દ્વારા ખાસ જણાવવામાં આવ્યું છે.

સેકટર-૨૧ શોપીંગ વિસ્તારમાં વાહન ચાલકોને પોલીસ ખોટી રીતે હેરાન કરે છે

અહીં ફુટપાથ બનાવી દેતા પાર્કિંગની જગ્યા ખૂબ ઓછી બચી છે : 'છ' રોડની સમાંતર બનાવેલા માર્ગ પર વાહનો પાર્ક કરાય તો પોલીસ હેરાન કરે છે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના મુખ્ય બજાર ગણાતા સેકટર-૨૧ના શોપીંગ સેન્ટર વિસ્તારમાં પાર્કિંગની જગ્યા ખુબ ઓછી છે. સાંજે અને રજાઓ દરમિયાન અહીં ખુબ ભીડ થઈ જાય છે અને વાહનોના ખડકલા થાય છે. આ સમયે ટ્રાફિકની સમસ્યાથી બચવા વાહનચાલકો 'છ' રોડને સમાંતર બનાવવામાં આવેલા માર્ગ પર વાહનો પાર્ક કરે છે. પાર્કિંગની જગ્યા ઓછી છે ત્યારે પોલીસ અવારનવાર વાહન પાર્ક કરનારાઓ પર તવાઈ લાવે છે અને વાહનચાલકોને હેરાન કરે છે.

ગાંધીનગરના સૌથી વિશાળ ગણાતા ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર વિસ્તારમાં આખો દિવસ વસાહતીઓની અવરજવર થાય છે. થોડાક વર્ષો અગાઉ આખા શોપીંગ સેન્ટર વિસ્તારમાં ફુટપાથ બનાવી દેતા વાહનો માટે પાર્કિંગની જગ્યા ખૂબ ઓછી બની છે. રજાના દિવસોમાં કે સાંજના સમયે આ વિસ્તાર જાણે કે વાહનોથી ઉભરાય છે. પાર્કિંગ માટેની જગ્યા ઓછી પડતા ઘણા વાહનચાલકો ન છૂટકે પોતાના વાહનો 'છ' રોડની સમાંતર બનાવવામાં આવેલા રોડ પર વાહનો પાર્ક કરે છે.

આ સ્થળે વાહનો પાર્ક કરવાથી ટ્રાફિક જામથી બચી શકાય છે. દિવસે દિવસે વાહનોની સંખ્યા વધતી જાય છે ત્યારે પાર્કિંગની જગ્યા વધારવાના બદલે પોલીસ વાહનચાલકોને જ હેરાન કરે છે. તાજેતરમાં ભર બપોરે ટ્રાફિક પોલીસે 'નો-પાર્કિંગ' છે તેમ કહી અહીંથી વાહનો હટાવડાવ્યા હતા. આ ઝુંબેશમાં વાહનચાલકોને હેરાન થવું પડયું હતું.

તાજેતરમાં સર્કિટ હાઉસ અને સે-૧૯/૨૦ના બસ સ્ટેન્ડ પાસે વર્ષોથી ઉભી રહેતી રીક્ષાઓના ચાલકોને પોલીસે દંડ ફટકાર્યો હતો. તેમનો ગુન્હો એટલો જ હતો કે તેઓ વીઆઈપી ગણાતા માર્ગ પર ઉભા હતા. સેકટર-૨૧ શોપીંગ વિસ્તારમાં જ સરકારી વાહનો આડેધડ પાર્ક કરેલા હોય છે તેમને પોલીસ હટાવી શકતી નથી. માત્ર નિર્દોષ વાહનચાલકો અને રીક્ષા ચાલકોને મૌખિક હુકમના આધારે હેરાન કરવામાં આવે છે.

ગાંધીનગર રથયાત્રા સમિતિ જાહેર આભાર વ્યકત કરે છે

ગાંધીનગર તા. ૭

ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા ગાંધીનગરમાં તા.૨૧મી જૂનના રોજ નીકળી હતી. જેમાં સફળતાપૂર્વક આયોજનમાં સાથ સહકાર આપનાર તમામ મંડળો, ધાર્મિક સામાજિક સંસ્થાઓ, વેપારી એસોસિએશનો, શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક વૃંદનો તથા નગરજનોનો રથયાત્રા સમિતિના અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી, મંત્રી દિનેશભાઈ કાપડીયા તથા ખજાનચી રજનીભાઈ શર્માએ જાહેર આભાર વ્યક્ત કરેલ છે.

જી.ટી.યુ.ના મુખ્ય હિસાબી અધિકારી તરીકે રામસિંહ રાજપુતની નિમણુંક

ગાંધીનગર તા. ૭

ઉત્તર ગુજરાત નાડોદા રાજપુત સેવા સમાજ ટ્રસ્ટ પાટણના મંત્રી હરીભાઈ પટેલની યાદીમાં જણાવે છે કે ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારી તરીકે રામસિંહ રાજપુત (શંખેશ્વરવાળા)ની નિમણુંક થતાં હોદ્દોનો ચાર્જ સંભાળી લીધો છે.

૫૦૦ કોલેજો સાથે જોડાણ ધરાવતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં રામસિંહ રાજપુતની નિમણુંક થતાં સમગ્ર ગુજરાત રાજયના નાડોદા રાજપુત સમાજનું ગૌરવ છે. રામસિંહ રાજપુત ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે. સમાજના ઉપ-પ્રમુખ તરીકેની પણ તેઓ જવાબદારી નિભાવે છે.

ચોમાસા દરમિયાન સેકટરોની સમસ્યા ડામવા અહીં સંપર્ક કરો

ગાંધીનગર, તા.૬

ચોમાસા દરમિયાન આપતકાલિન સ્થિતિ વેળાએ શહેરના સેકટરોમાં સ્થિત વસાહત મંડળોના પ્રતિનિધિઓ તેમજ નાગરિકોને પોતાના પ્રશ્નોના ઉકેલ માટે નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાવ્યું છે.

૧	ગાંધીનગર શહેર વસાહત મંડળ	૨૩૨૬૦૩૭૦
૨	જિલ્લા ઈમર્જન્સી રીસ્પોંસ સેન્ટર-કલેકટર કચેરી, ગાંધીનગર	૨૩૨૫૬૭૨૦
		૨૩૨૫૬૬૩૯
	ફેકસ નંબર	૨૩૨૪૫૮૭૮
૩	વરસાદી પાણીના નિકાલ માટે કંટ્રોલ રૂમ	૨૩૨૨૪૭૯૩
૪	વૃક્ષ પડી જવા તથા વન વિભાગને લગતી કામગીરી	૨૩૨૬૦૬૩૨
	વનચેતના સેકટર-૩૦, સંપર્ક - શ્રી ભાવિન વ્યાસ, નાયબ વન સંરક્ષક	૨૩૨૨૧૨૬૦
		(મો.) ૯૯૭૮૪૦૬૧૭૧
૫	ફાયર બ્રિગેડ	૨૩૨૨૨૭૪૨
	શ્રી એમ.આર. મોડ, ફાયર ઓફીસર	(મો.) ૯૪૨૭૯૫૫૫૫૧
૬	સફાઈ કામગીરી માટે-મ્યુનિસિપલ કોર્પોરેશન	૨૩૨૨૦૪૪૦
૭	વિજળી, સ્ટ્રીટ લાઈટ વગેરે મરામત માટે-ટોરેન્ટ પાવર	૨૩૨૨૨૨૪૭
		અમદાવાદ ૨૭૫૦૫૨૩૧
		અમદાવાદ ૨૨૫૫૧૯૧૨
	શ્રી દરજી ઈન્ચાર્જ ઓફીસર	(મો.) ૯૨૨૭૪૦૯૧૪૫
૮.	બસ વ્યવહાર વ્યવસ્થા	૨૩૨૨૨૮૪૨
૯.	ટેલિફોન વ્યવસ્થા બીએસએનએલ	૨૩૨૨૯૧૯૧
૧૦.	ફલડ કંટ્રોલ સેલ (રાજય કક્ષા), સેકટર-૮, ગાંધીનગર	૨૩૨૪૭૩૫
		૨૩૨૪૭૩૬
	ફેકસ નંબર	૨૩૨૪૦૫૫૩
૧૧.	ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ગાંધીનગર	૨૩૨૫૧૯૦૨
		૨૩૨૫૧૯૦૦
૧૨.	સ્ટેટ રીલીફ કંટ્રોલ રૂમ-ઈમર્જન્સી રીસ્પોન્સ ઓપરેશન સેલ	૨૩૨૫૧૯૦૨
	ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અને કંટ્રોલ રૂમ	૨૩૨૫૧૯૦૭
		૨૩૨૫૧૯૧૪
		૨૩૨૫૧૯૦૮
	ફેકસ નંબર	૨૩૨૫૧૯૧૬

ચાર દિગ્ગજ ગુરૂઓના શિક્ષણ અને સાનિધ્યથી તબલાવાદનમાં વિશિષ્ટ સિદ્ધિઓ મેળવી ગાંધીનગરમાં તબલાને ગૂંજતા રાખનાર અરવિંદભાઈ વોરા

બે માતા-પિતાના પ્રેમ અને સંસ્કાર પોષણથી યુગ પુરુષ શ્રીકૃષ્ણનું ઘડતર થાય છે. તેમજ બે ગરૂ ગુરૂ દ્રોણ અને શ્રીકૃષ્ણના માર્ગદર્શનથી મહાપુરુષ અર્જુનનું સર્જન થાય છે. એવી રીતે ચાર ચાર દિગ્ગજ ગુરૂઓના શિક્ષણ અને સાનિધ્યથી તબલાવાદનમાં વિશિષ્ટ સિદ્ધિઓ મેળવી ગાંધીનગરમાં તબલાને ગૂંજતા રાખનાર અરવિંદભાઈ વોરા પોતાના ગુરૂના સંસ્મરણો વાગોળે છે ચાલો ! સાંભળીએ તેમના જ શબ્દોમાં...

હું સાયન્સ પ્રવાહનો વિદ્યાથી હોવા છતાં મને આર્ટ પ્રત્યે બહુ લગાવ હતો. ગુજરાતી, ઉર્દુ, કવિતાઓ, ગઝલો વાંચવી સાંભળવી ગમે. ગઝલો સાંભળવાના શોખમાંથી તેમાં વાગતા તબલા તરફ મારું ધ્યાન ખેંચાતું ગયું અને તબલા તરફ આકર્ષણ થયું અને તબલા શિખવાની ઈચ્છા થઈ. ઘરમાં તો સંગીતનું એવું કોઈ વાતાવરણ હતું જ નહીં એટલે આ અંગે મને કોઈ પ્રોત્સાહન આપનાર ન હતું. મેં કોલેજકાળ બી.એસ.સી. દરમ્યાન તબલાં શીખવાની શરૂઆત કરી. પંચદેવ મંદિર સેકટર-૨૨માં જ્યાં સ્વ.શ્રી ત્રિકમલાલ તપોધન સાહેબે તબલા પર પહેલી વખત મારો હાથ મુકાવ્યો હતો. હું નિયમિત સંગીત કલાસમાં જતો. આ કલાસમાં ત્યારબાદ મારી ઓળખાણ ત્યાં જ તબલા શીખવા આવતાં સુખીંદર સરદાર સાથે થઈ. સંગીત- તબલાના અમારા શોખને લીધે અમારી વચ્ચે અતૂટ મૈત્રી બંધાઈ, સુખીંદર તબલાંનો જૂનો વિદ્યાર્થી હતો. શરૂઆતના તબક્કે સુખીંદરે મને ખૂબ જ માર્ગદર્શન આપ્યું. હું તો શરૂઆતમાં સંગીતના પુસ્તકોમાં લખેલ તાલ જોઈને તે વગાડતો. પરંતુ એકવાર તેમણે કહ્યું કે સંગીત પુસ્તકમાંથી નહીં પરંતુ ગુરૂ પાસેથી જ શીખવા મળે. સંગીત એ ગુરૂ મુખી વિદ્યા છે આવું પહેલીવાર કહેવાવાળું કોઈ હોય તો એ મારો મિત્ર સુખીંદર, અમે બંનેએ સાથે રીયાઝ- પ્રેકટીસ કરવાનું શરૂ કર્યું અને સાંજ પડ્યે એકબીજાના ઘરે બેસી પ્રેકટીસ કરતાં. પ્રેકટીસ દરમ્યાન તેણે મને જુદા-જુદા કાયદા ટુકડા શીખવવાનું શરૂ કર્યું. અને મને ઘણું બધું ઉપયોગી શીખવા મળ્યું. ક્યારેક સાથે પ્રેકટીસ વખતે અમે શરત પણ લગાડતા કે જે તબલા વગાડતાં જે પહેલાં થાકીને અટકી જાય તેના તરફથી આઈસ્કીમ. આ રીતે અમારી પ્રેકટીસ ચાલતી. પ્રેકટીસ દરમ્યાન સુખીંદર મારા મિત્રની સાથે સાથે ગુરૂની જેમ માર્ગદર્શન પણ આપતો.

અમદાવાદમાં દર વર્ષે જાન્યુઆરીમાં શાસ્ત્રીય સંગીતનો ભવ્ય કાર્યક્રમ થાય છે. એકવાર અમે સમાચાર વાંચ્યા કે આજના કલાકાર પંડિત કિશન મહારાજજી અને ઉસ્તાદ અમજદઅલીખાં. અમારા બંનેથી ના રહેવાયું અને કાર્યક્રમમાં જવાનું નક્કી કરી લીધું. કાર્યક્રમમાં મહારાજજીનું અદ્‌ભુત તબલાવાદન સાંભળીને અને બંનેએ નક્કી કર્યું કે સમક સ્કુલ ઓફ મ્યુઝીકમાં તબલાવાદનની પદ્ધતિસર તાલીમ લેવી. અને બંનેએ સાથે સપ્તકમાં જવાનું નક્કી કર્યું. સપ્તકમાં બનારસ ઘરાનાના તબલાવાદનની તાલીમ ગુરૂ-શિષ્ય પરંપરા મુજબ જ આપવામાં આવે છે. સપ્તકમાં એ વખતે જૂના વિદ્યાથીઓને સપ્તકનાં જ ગુરૂ સ્વ. શ્રી નંદન મહેતાજી અને વિખ્યાત તબલા સમ્રાટ પંડિત કિશન મહારાજના સુપુત્ર પંડિત પુરાણ મહારાજ તાલીમ આપતા. સ્વ. પંડિત નંદન મહેતા સપ્તકના મૂળ સ્થાપક અને સ્વ. પંડિત કિશન મહારાજજીના આગ્રગણ્ય શિષ્ય. તેઓએ ગુજરાતમાં સંગીતક્ષેત્રે ખૂજ જ ઉમદાકાર્ય કરેલ છે. તેમના થકી જ ગુજરાતના લોકોને શુધ્ધ શાસ્ત્રીય સંગીત સાંભળવા મળેલ છે. પંડિત પુરણ મહારાજજી પાસે તાલીમ માટે નવા વિદ્યાર્થીઓની પસંદગી થવાની હતી. તેમાં અમારી પસંદગી થઈ અને અમારી સંગીત સાધનાની શરૂઆત થઈ.

પરંતુ અચાનક જ સુખીંદરનું ૫-૨-૧૯૯૭ના રોજ ટૂંકી માંદગીમાં અવસાન થયું અને મારી આ સાધનામાં પણ તેના જવાથી વિક્ષેપ પડ્યો. ત્યારબાદ લગભગ ત્રણ વર્ષ સુધી સપ્તકમાં જવાનું બંધ થયું. ત્રણ વર્ષ બાદ ફરીથી પંડિત પુરણ મહારાજજી પાસે તબલાં શીખવાની શરૂઆત કરી. પંડિત પુરણ મહારાજજી વર્ગમાં તાલીમ આપતી વખતે ખૂબ જ કડક રહેતાં. કોઈની નાની સરખી ભૂલ પણ ન ચલાવે. તેમનાં ચાલુ વર્ગ દરમ્યાન વાત-ચીત તો દૂર, હસી પણ ન શકાય. આ જ પુરણ મહારાજજી જ્યારે ગાંધીનગર આવે ત્યારે ત્રણ-ત્રણ, ચારચાર કલાક અમારી સાથે આનંદ, હસી-મજાકમાં પસાર કરતાં. પુરણ મહારાજજી પાસેથી મને બનારસ ઘરાનાના તબલાના વાદનની વિશેષતાઓ શીખવા મળી. પુરણ મહારાજજીનું લયકારી ઉપર ગજબનું પ્રભુત્વ. આથી તેમની પાસેથી જુદી જુદી લયના બોલ, કાયદા, ટુકડા, તિહાઈઓ વગેરે શીખવા જાણવા મળી. મહારાજજી વિવિધ બોલોના પઢંત (તબલાના તાલ મોઢેથી લયબદ્ધ બોલવા) પર ખૂબ જ ભાર દેતાં અને વારંવાર પઢંતનો અભ્યાસ કરાવતાં. મહારાજજી પાસેથી લગભગ અઢી-ત્રણ વર્ષ તાલીમ લીધા બાદ તેઓને બનારસ (વારાણસી)માં, સ્થાયી થવાનું હોવાથી તેઓ બનારસ ચાલ્યાં ગયા અને મારી આ સાધના અધુરી રહી ગઈ.

થોડાક વરસોના તાલીમ વિરામ બાદ ફરીથી મેં સ્વ. શ્રી નંદન મહેતાજીના પ્રમુખ શિષ્ય શ્રી પૃથ્વીરાજ મિશ્રા પાસેથી તાલીમ લેવાનું શરૂ કર્યું. પૃથ્વીરાજજી પોતે કુશળ તબલાવાદક અને સંગીતકાર તરીકે સમગ્ર ભારતમાં ખ્યાતિ પામેલ છે. તેમણે દેશના ઘણાં વિદ્વાન કલાકારો સાથે કુશળતાપૂર્વક સંગત કરેલી છે. પૃથ્વીરાજજીએ મને ખૂબ જ પ્રેમપૂર્વક તબલાની તાલીમ આપી. બે- ત્રણ વાર તો મારા ઘરે આખી રાત જાગીને તેમની સાથે મેં તબલાં વગાડ્યા. એમની પાસે દરેક પ્રકારની સંગતનું જ્ઞાન છે. જેમાંથી મને થોડું ઘણું શીખવા મળ્યું. હાલમાં તેઓ પણ ગુજરાત બહાર સ્થાયી થયેલ છે.

આમ, મારી તાલીમ તબલાવાદનની વિદ્યાના સમર્થ ગુરૂઓ પાસે થયેલ છે. આ તાલીમના લીધે તબલાવાદનની સંગીત વિશારદની પદવી, સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી ત્રણ સુવર્ણ ચંદ્રકો સાથે હું પ્રાપ્ત કરી શક્યો છું. આ તાલીમમાં સમયાંતરે રૂકાવટો પણ આવતી રહી છતાં તબલા મારાથી છુટ્યા નથી. અને આવા સમર્થ ગુરૂઓનું સ્મરણ, ધ્યાન ધરવાથી પણ મને નવું નવું આપોઆપ શીખવા મળી જાય છે. સંગીત વિદ્યાનો તો કોઈ અંત નથી. મને જે થોડી ઘણી તબલાવાદનની વિદ્યા પ્રાપ્ત થઈ છે તેને તબલા શીખવા માંગતા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા પ્રયત્ન કરી રહ્યો છું. છેલ્લા આઠ વર્ષથી તબલાવાદનની વિદ્યાનો પ્રચાર કરી વિદ્યાથીઓને તાલીમ આપી રહ્યો છું. પ્રેરણા વિદ્યાલય સેકટર-૫/એ તથા શ્રી અરવિંદ કલા ભવન સેકટર-૨૩ ખાતે ઘણાં બધાં વિદ્યાર્થીઓ તબલાવાદનની તાલીમ લઈ રહેલ છે.

સંબંધ સજાવે જિંદગી

બલિહારી ગુરુ આપ કી

- સ્વાતિબા રાઓલ

gsrelation@yahoo.com

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯

સૂર્યાસ્ત : ૭.૨૯

તાપમાન

મહત્તમ : ૩૫.૪ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૬૦ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૦.૦૦

બોલ બચ્ચન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૧.૪૫, ૭.૩૦

બોલ બચ્ચન : ૨.૧૫, ૧૦.૦૦

તેરી મેરી કહાની : ૫.૧૫

: સ્ક્રીન-૪ :

૩ બેચલર : ૧૦.૦૦, ૧૨.૩૦

રાઉડી રાઠોડ : ૩.૦૦

મેક્ષીમમ(એ) : ૫.૩૦

બોલ બચ્ચન : ૬.૩૦, ૧૦.૦૦

ગૈન્સ ઓફ વાસેપુર : ૭.૩૦

તેરી મેરી કહાની : ૧૦.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) :૧.૪૫,૧.૩૦,૪.૧૫, ૭.૦૦

બોલ બચ્ચન : ૯.૪૫

: સ્ક્રીન-૨ :

બોલ બચ્ચન : ૯.૪૫,૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બોલ બચ્ચન : ૧૦.૩૦

ફરારી કી સવારી : ૧.૧૫, ૭.૧૫

ગૈન્સ ઓફ વાસેપુર : ૪.૦૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૨ડી(હિન્દી) : ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

બોલ બચ્ચન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

બાશા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- રોટરી કલબ ઓફ ગાંધીનગરના નવા નિયુકત પદાધિકારીઓનો શપથ ગ્રહણ સમારંભ સાંજે ૫.૦૦ કલાકે

આપની આજ

મેષ : તમારી વ્યવહારકુશળતાથી વ્યાપાર -વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સ્થાયી સંપતિ મળવાના યોગ બની રહ્યા છે. આપની માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

વૃષભ : આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. મનોરંજનમાં સમય પસાર થશે. યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. વિદેશના કોઈપણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી- વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે.

મિથુન : પુરુષાર્થનું પરિણામ તરત મળશે. ભાગ્યોદયની તક મળી શકે છે. કૌટુંબિક વિખવાદોનો ઉકેલ આવી શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. સમયનો સદુઉપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે.

કર્ક : નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી -વેપાર ક્ષેત્રે થયેલ પ્રવાસ લાભદાયી બની શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ બનશે.

સિંહ : પેટ સંબંધી સમસ્યાઓ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી

કન્યા : વિવાદિક કે કોર્ટના કેસોમાં આજે નિવેડો આવી શકે છે. અભ્યાસક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. કુટુંબિજનો સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

તુલા : નવા સંબંધો બનશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. કૌટુંબિક વિખવાદોનો ઉકેલ આવી શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી

વૃશ્ચિક : જૂના મિત્રો સ્નેહીજનો સાથે મુળવાનું થઈ શકે છે. નાણાંકીય સ્થિતિમાં સુધારો થતો જણાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

ધન : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આરોગ્ય સુખાકારી જળવાઈ રહે. સમય શુભ રહે.

મકર : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. જૂના મિત્રો સ્નેહીજનોને મળવાનું થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય. સમય શુભ.

કુંભ : વાહન- જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થઈ શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થતો જણાય.

મીન : આકસ્મિક ધન- લાભ થવાની શકયતા. વાહન ખરીદી થઈ શકે છે. કુટુંબિજનો સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. રાજકીય કાર્યોથી દુર રહેવું.